# <u>પ્રમાણપત્ર ચકાસણી અને જિલ્લા પસંદગી કેમ્પ – બીજો રાઉન્ડ</u>

સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર, સર્વ શિક્ષા અભિયાન, સેકટર–૧૭, ગાંધીનગરની કચેરી ધ્વારા એસએસએ યોજના અંતર્ગત કલસ્ટર કક્ષાએ સીઆરસી કો. ઓર્ડિનેટરની ખાલી જગ્યાઓ પૈકી ઓછામાં ઓછી ૫૦૦ જગ્યાઓ ૧૧ માસના કરાર આધારિત(કોન્ટ્રાકટ બેઝ)થી ભરવા માટે મંગાવેલ ઓનલાઈન અરજીઓ અન્વયે Confirm કરેલ અરજીના ઉમેદવારોની સંભવિત મેરીટયાદી તા.૧.૫.૧૭ ના રોજ વેબસાઈટ ઉપર જાહેર કરવામાં આવેલ હતી.

જાહેર કરેલ મેરીટયાદીમાં Confirm કરેલ અરજીમાં દર્શાવેલ લાયકાત આધારે સંભવિત મેરીટ ગણતરી કરવામાં આવેલ હોઈમેરીટ ગણતરીમાં ગુણાંકનમાં કોઈ ફેરફાર હોય તેવા ઉમેદવારો પાસેથી લેખિતમાં વાંધા અરજી જરૂરી આધાર પુરાવા અને Confirm કરેલ ઓનલાઈન અરજીની પ્રિન્ટ સહિત મંગાવેલ હતી. જે આધારે માન્ય વાધાંઓને ગ્રાહય રાખીને તે આધારે સુધારેલ મેરીટ યાદી પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી.

પ્રસિધ્ધ કરેલ સુધારેલ મેરીટ યાદીના ઉમેદવારો પૈકી મેરીટ ક્રમ–૧ થી મેરીટ ક્રમ–૬૦૦ના ઉમેદવારો માટે તા.૧૬ મે થી તા.૧૮ મે દરમ્યાન પ્રમાણપત્ર ચકાસણી અને તે આધારે માન્ય ઉમેદવારો માટે જિલ્લા પસંદગી કેમ્પ રાખવામાં આવેલ હતો. <u>હજુ પણ ૩૦૦ ઉપરાંત જગ્યાઓ ખાલી હોઈ નીચે દર્શાવેલ સ્થળે સુચિત કાર્યક્રમ મુજબ પ્રમાણપત્ર ચકાસણી અને તે આધારે માન્ય ઉમેદવારો માટે જિલ્લા પસંદગી કેમ્પ યોજાનાર છે.</u> જેમાં સબંધિત ઉમેદવારોને ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે. આ સંદર્ભે અલગથી કોઈ પત્રવ્યવહાર કરવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેશો. <u>જિલ્લા વાઈઝ ખાલી જગ્યાની વિગતો વેબ સાઈટ પર છે. દરરોજ કેમ્પના અંતે પણ આ યાદી મુકવામાં આવશે.</u>

**સ્થળ/સરનામુ : પીટીસી ભરતી બિલ્ડીંગ,**
**નવા સચિવાલય રોડ, એસબીઆઈ બેન્કની પાસે, ઈન્કવાયરી ઓફિસની બાજુમાં, સેકટર–૧૯, ગાંધીનગર**

**સમય પત્રક :**

| સંભવિત સમય | તા.૨૩.૫.૨૦૧૭ | તા.૨૪.૫.૨૦૧૭ |
|---|---|---|
| સવારે ૧૦.૦૦ કલાક | મેરીટ ક્રમ–૬૦૧ થી ૭૫૦ | મેરીટ ક્રમ–૯૦૧ થી ૧૦૫૦ |
| બપોરે ૨.૦૦ કલાક | મેરીટ ક્રમ–૭૫૧ થી ૯૦૦ | મેરીટ ક્રમ–૧૦૫૧ થી ૧૨૦૦ |

**પ્રમાણપત્ર ચકાસણી અને જિલ્લા પસંદગી માટે નીચે મુજબની સુચનાઓને ધ્યાનમાં લેશો.**

(૧) ઓનલાઈન અરજીની પ્રિન્ટ તથા તેમાં દર્શાવેલ પ્રમાણપત્રોની સ્વપ્રમાણિત બે નકલ લાવવી.

(૨) ઉમેદવારને ફાળવેલ સુચિત સમય કરતા એક કલાક વહેલા નિયત સ્થળે પહોંચવું. ફાળવેલ સમય પત્રક કરતા મોડા આવેલ ઉમેદવારોની રજુઆત ગ્રાહય રાખવામાં આવશે નહી જેની નોંધ લેશો.

(૩) પ્રમાણપત્ર ચકાસણી અને જિલ્લા પસંદગી માટે ઉમેદવારે જાતે જ હાજર રહેવું.

(૪) અનુભવ ફકત માન્ય પ્રાથમિક શાળાનો જ ઓછામાં ઓછો ૩ વર્ષનો જરૂરી છે. હાઈસ્કુલ/હાયર સેકન્ડરી કે પીટીસી–બી.એડ. કોલેજનો અનુભવ માન્ય ગણાશે નહી.

(૫) **પ્રાથમિક શાળાનો અનુભવ માટે નીચે મુજબના પુરાવા લાવવાના રહેશે.**

- પ્રાથમિક શાળાના અનુભવના આધાર પુરાવામાં ડાયસ ડેટાની જિલ્લા કચેરીએથી તમામ વર્ષની નકલ કઢાવી એમઆઈએસના સહી/સિકકાવાળી અસલ તથા ઝેરોક્ષ નકલ લાવવાની રહેશે. અથવા શિક્ષકોના હાજરી પત્રકની નકલ અથવા બેંક મારફત પગારના આધારો અથવા ઈસ્પેકશનના રીપોર્ટના આધારની પ્રમાણિત નકલ.
- કેજીબીવીના શિક્ષક તથા બીઆરપીએ હુકમની નકલ, સંસ્થામાં ફરજ બજાવ્યા બાબતનું પ્રમાણપત્ર, રીન્યુઅલ હુકમની નકલ આપવાની રહેશે.
- ધોરણ–૧ થી ૧૨ કે સંયુકત શાળાઓમાં પ્રાથમિકમાં તમે ફરજ બજાવ્યા બાબતનું સંસ્થાના વડાનું લખાણ તેમજ અસલ/ઝેરોક્ષ

(૬) ઓનલાઈન અરજીમાં દર્શાવેલ પ્રમાણપત્રોની ખરાઈમાં ક્ષતિ જણાયે અથવા માન્ય ન હોય તેવા પ્રમાણપત્રોની ખરાઈ કરી આવા ઉમેદવારોની ઉમેદવારી રદ કરવામાં આવશે.

(૭) પ્રમાણપત્રો ચકાસણી અને જિલ્લા પસંદગીને અંતે જે તે જિલ્લાની સુચિત જિલ્લા પસંદગી યાદી જે તે જિલ્લાના જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટરને અત્રેથી મોકલી આપવામાં આવશે.

(૮) જે તે જિલ્લાના જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર ધ્વારા સુચિત જિલ્લા પસંદગી યાદીના અગ્રતાક્રમના ઉમેદવારોને જિલ્લાના ખાલી જગ્યાના પ્રમાણમાં અત્રેથી ફાળવેલ જગ્યાઓના સીઆરસી માટે અગ્રતાક્રમ અનુસાર સીઆરસી પસંદગી માટે સંભવિત સીઆરસી પસંદગી કેમ્પ અને કરાર આધારિત નિમણુંક સંભવિત તા.૨૫.૫.૧૭ સુધી તમામ જિલ્લા કચેરી ધ્વારા યોજવામાં આવશે. જેના સ્થળ અને સુચિત સમય પત્રક આ વેબસાઈટ ઉપર મુકવામાં આવશે. જેથી અત્રે જિલ્લા પસંદગી કરેલ ઉમેદવારોએ સમયાંતરે વેબસાઈટ જોતા રહેવુ. આ માટે અલગથી કોઈ પત્રવ્યવહાર કે જાણ કરવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેશો.

**ખાસ નોંધ : પ્રસિધ્ધ કરવામાં આવેલ સુધારેલ મેરીટ યાદીના મેરીટ ક્રમ ૬૦૧ થી મેરીટ ક્રમ ૧૨૦૦ ના તમામ ઉમેદવારોના પ્રમાણપત્રો ચકાસણી કરવામાં આવશે પરંતુ હાલ પુરતુ માત્ર બાકીની ૩૦૦ જગ્યાઓ ભરવાની થતી હોય અગ્રતાક્રમ અનુસારના કુલ ૩૦૦ ઉમેદવારોને જિલ્લા પસંદગીની તક આપવામાં આવશે. આ સિવાયના ઉમેદવારોનો પ્રતિક્ષા યાદીમાં સમાવેશ કરવામાં આવશે જેની નોંધ લેશો.**